ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી                                                                 તા. 25-03-2022

આજરોજ "આદિવાસી સત્યાગ્રહ" ગાંધીનગર ખાતે હજારોની સંખ્યામાં અંબાજી થી ઉમરગામ પૂર્વ પટ્ટીના આદિવાસી ભાઈઓ-બહેનો ગાંધીનગર ખાતે જળ, જંગલ, જમીન બચાવવાના નારા સાથે આંદોલનમાં જોડાયા અને આદિવાસી સમાજની અસ્મિતા બચાવવા, ઉજાગર કરવા માટે હાકલ કરવામાં આવી હતી.

ગાંધીનગર ખાતે "આદિવાસી સત્યાગ્રહ" માં હજારોની સંખ્યામાં આવેલા આદિવાસી ભાઈઓ-બહેનો ને સંબોધતા ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી ડો. રઘુ શર્માજીએ જણાવ્યું હતું કે, દિલ્હીમાં મળેલી ગુજરાત સંગઠનની મીટીંગમાં ચર્ચા દરમિયાન રાહુલજીને જણાવ્યું હતું કે, બજેટ સત્ર દરમિયાન આદિજાતિ વિભાગની માંગણીઓના દિવસે માત્ર અને માત્ર આદિવાસી સમાજની સંસ્કૃતિ અને એના મુલ્યોને જીવંત રાખવા માટે, પાર-તાપી-નર્મદા રીવર લીંક મુદ્દે સાપુતારા-કેવડીયા કોરીડોર વિષે, લેવડ સરકારી પાર્ક મુદ્દે, રીંછ અભ્યારણ મુદ્દે, વેદાન્તા-ઝીંક મુદ્દે, મુંબઈ-દિલ્હી કોરીડોર મુદ્દે, વિસ્થાપિતોને મુદ્દે, અને પેશા એક્ટ ૧૯૯૬ મુદ્દે આદિવાસી સમાજનો અવાજ બનીને આદિવાસી સમાજના હક્ક અધિકારની લડાઈ વિધાનસભા ગૃહમાં અને રસ્તા પર લડવામાં આવશે. ગુજરાતમાં અંબાજીથી ઉમરગામના આદિવાસી વિસ્તારમાં સરકારી દવાખાનામાં અપૂરતો સ્ટાફ, અપૂરતી દવાઓ અને દવાખાનાઓની બિસ્માર હાલતને પગલે આદિવાસી સમાજ આરોગ્ય સેવાથી વંચિત છે. આદિવાસી સમાજને પોતાની હક્ક અને અધિકારની વાત કરવા જુદા જુદા જીલ્લાઓમાં ચાર- ચાર વખત રેલી-અંદોલન કર્યા પરંતુ લોકતંત્ર વિરોધી ભાજપ સરકારને આદિવાસી સમાજની વેદના દેખાતી નથી બીજીબાજુ માત્રને માત્ર ઉદ્યોગપતિઓને મદદ કરવાની ભાજપાની નીતિ છે.

ગુજરાતના આદિવાસીઓએ પોતાની માંગણીઓ માટે ગાંધીનગર સુધી આવવું પડે તે દિલ્હી અને ગુજરાતમાં બેઠેલી ભાજપા સરકાર માટે ખુબ શરમજનક બાબત છે. ગુજરાતના આદિવાસીઓને જો સરકારમાં જરા પણ વિશ્વાસ હોત તો તેઓને ગાંધીનગર સુધી આવવું ના પડે, અહી બેઠેલા આદિવાસીઓએ કોંગ્રેસપક્ષના ધારાસભ્યો ચૂંટ્યા છે, તો સાથે સાથે સરકારમાં બેઠેલા ધારાસભ્યોને પણ ચૂંટ્યા છે. જો તેમના દિલમાં આદિવાસીઓ માટે થોડી પણ જગ્યા વધી હોય તો સભા સ્થળથી વિધાનસભા માત્ર ૨ કી.મી. દુર છે. આજે સરકારના ધારાસભ્યો એ.સી. ઓફિસમાં નહિ પરંતુ આદિવાસીઓની વચ્ચે હોત.

૧૭ વર્ષથી ગુજરાતમાં ભાજપની સરકાર છે. હવે સમય થયો છે હિસાબ માંગવાનો કેટલી સરકારી શાળાઓ બનાવી? કેટલી સરકારી હોસ્પિટલોનું નિર્માણ કરાવ્યું? કેટલા ગામડાઓમાં પાણીની વ્યવસ્થા કરાવી? કેટલા આદિવાસી વિધ્યાર્થીઓને રોજગાર આપવામાં આવ્યો? આજે જણાવવા માંગુ છું કે, કોંગ્રેસ પક્ષે આદિવાસીઓની જમીન બચાવી, જંગલ બચાવ્યા, પાણી બચાવવા માટે હક્કનો અધિકાર લાવી બીજીબાજુ ભાજપા મોટા ઉદ્યોગપતિઓને કિંમતી જમીન અને સંપત્તિ ભેટ આપી રહી છે.

આજે આપને વિશ્વાસ અપાવું છું કે, કોંગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી, પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી, તમામ આગેવાનો આપની સાથે છે. અને કોઈપણ આદિવાસીઓ સાથે અન્યાય નહિ થવા દઈએ.

ગાંધીનગર ખાતે "આદિવાસી સત્યાગ્રહ" માં હજારોની સંખ્યામાં આવેલા આદિવાસી ભાઈઓ-બહેનો ને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, ગુજરાતના તમામ જીલ્લાઓમાંથી આવેલા તમામ ભાઈઓ-બહેનોનું "આદિવાસી સત્યાગ્રહ" માં સ્વાગત કરવામાં આવે છે, આજે ભાજપા સરકારને પ્રશ્ન પૂછવા માંગીએ છીએ ગુજરાતના નાગરિકોની હક્ક અને અધિકારની લડાઈ માટે સરકાર શા માટે પરવાનગી નથી આપતી? જયારે આંદોલન માટે પરવાનગી આપવામાં આવે તો આંદોલનમાં આવનાર જે તે વિસ્તારના નાગરિકોના સાધનોને શા માટે રોકવામાં આવે છે? આંદોલનમાં આવનાર નાગરિકોને પોલીસ સ્ટેશનમાં લઇ જઈને શા માટે ધમકાવવામાં આવે છે? **અહી આવેલા પોલીસ અધિકારીઓમાં અમુક ખાખી ચડ્ડીઓવાળાઓ આવી ગયા છે. તેઓને હું કહેવા માગું છું અમારા આંદોલનમાં સહકાર આપો અમે તમારા હક્ક અને રોજગારના મુદ્દાઓને ઉઠાવીશું.**

આદિવાસી સમાજની અનેક મુદ્દે સતત રજૂઆત છતાં ભાજપ સરકાર કઈ સંભાળવા તૈયાર નથી. આદિવાસી સમાજએ ખેડવાની માટેની જમીનના પટ્ટા નથી અપાયા. ભાજપની સરકારે શિક્ષણનું ખાનગીકરણ કરી પછાત વિસ્તારની સરકારી સ્કૂલો –

કોલેજોમાં શિક્ષકોની ભરતી નહિ કરી શિક્ષણના બેહાલ કર્યા. આજરોજ અમે આદિવાસીઓના હક્ક અને લડાઈ માટે ગાંધીનગર આવ્યા છીએ. પરંતુ જો ૩-૫ મહિનામાં તમામ મુદ્દાઓનું નિરાકરણ નહિ આવે તો સમગ્ર ભારતના આદીવાસી સાથે મળીને દિલ્હી સુધી આંદોલન કરવામાં આવશે. આદિવાસીઓ, નબળા વર્ગના લોકો, વંચિત દલિતોનો અવાજ રજુ કરીશું. અને આદિવાસી ગરીબ સમાજને ન્યાય મળે તેવા પ્રયત્નો કરીશું.

ગાંધીનગર ખાતે "આદિવાસી સત્યાગ્રહ" માં હજારોની સંખ્યામાં આવેલા આદિવાસી ભાઈઓ-બહેનો ને સંબોધતા ગુજરાત વિધાન સભાના કોંગ્રેસ પક્ષના નેતા શ્રી સુખરામ રાઠવાએ જણાવ્યું હતું કે, આજે આ લડાઈ આપણા સૌ આદિવાસી ભાઈઓ-બહેનો ની અસ્મિતાની લડાઈ છે. આજે ગાંધીનગરમાં બેઠેલી સરકાર જે આદિવાસી વિરોધી સરકાર છે. ત્યારે આપણે સૌ એક થઈને આદિવાસીના હક્ક-અધિકાર માટે લડાઈ લડનારાઓ સાચા વ્યક્તિઓને વિધાન સભામાં ચૂંટવા પડશે. જયારે મારા પરિવારમાં દીકરાના મૃત્યુ પછી રાહુલજી સમક્ષ ગુજરાતના વિધાનસભા વિરોધ પક્ષના નેતા તરીકેની જવાબદારી માટે ના પાડી હતી ત્યારે મને રાહુલજીએ કહ્યું હતું કે, ગુજરાતના આદિવાસીઓના હક્ક અને અધિકારની લડાઈ માટે તમારે જવાબદારી સ્વીકારવી જ પડશે. આજે તમામ આદિવાસી ગાંધીનગરમાં એકઠા થયા છે ત્યારે તમામ આદીવાસી ભેગા થઈને ૨૦૨૨ માં પરિવર્તન લાવીશું.

રાજ્યના પૂર્વ પટ્ટી વિસ્તારમાં ડેમો, રસ્તાઓ, બુલેટ ટ્રેન, મુંબઈ-દિલ્હી કોરીડોર વગેરે માટે લાખો એકર જમીન આદિવાસીઓએ બચાવવી પડશે. આપ સૌના દિલમાં આદિવાસીઓ ગરીબ લોકો તરફ સહાનુભૂતિ છે. તે અમે જાણીએ છીએ પરંતુ તેને વાચા આપવા માટે આપણે લડત આપવી ખુબ જ જરૂરી છે. ભાજપ સરકાર આદિવાસી સમાજને રોજગાર, રહેણાંક અને જમીન આપવામાં સદંતર નિષ્ફળ નિવડી છે. પોતાનો જીવન નિર્વાહ કરવા આદિવાસી સમાજે શહેર તરફ પ્રયાણ કરવા મજબુર બન્યાં છે તેવા સંજોગોમાં 500 કરોડની માતબાર રકમ આ ડેમ બનાવવા માટે બજેટમાં ફાળવવામાં આવી છે. ભાજપ સરકાર આદિવાસી સમાજને ગુમરાહ કરવાનું બંધ કરે અને તાપી – પાર – નર્મદા લીંક યોજના અંગે શ્વેતપત્ર જાહેર કરે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

ગાંધીનગર ખાતે "આદિવાસી સત્યાગ્રહ" માં હજારોની સંખ્યામાં આવેલા આદિવાસી ભાઈઓ-બહેનો ને સંબોધતા કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય અને અનુસૂચિત જનજાતિ ડીપાર્ટમેન્ટના અધ્યક્ષ શ્રી અનંત પટેલે જણાવ્યું હતું કે, આ લડત માત્ર આદિવાસી સમાજની નથી તમામની છે. જો બાબા સાહેબે બંધારણ ન આપ્યું હોત તો આજે પણ આદિવાસી સમાજ ગુલામીમાં હોત, જળ જંગલ અને જમીન પર મુળનિવાસીઓનો અધિકાર છે. વિકાસના નામે ભાજપ સરકારનું વિનાશ મોડલ નહી ચાલે. ભાજપ સરકાર જ્યાં સુધી ડેમ અને પાર લીંક પ્રોજેક્ટ મુદ્દે શ્વેત પત્ર બહાર નહી પાડે ત્યાં સુધી આદિવાસી સમાજ સતત લડત આપતું રહેશે.

આદિવાસી નાગરિકોની સમસ્યાઓની સામે ભાજપા સરકાર આંખ ઉંચી કરીને વાત કરશે તો અમે પણ સરકાર સામે લડવા તૈયાર છીએ. આજે સમગ્ર ગુજરાતનો આદિવાસી સમાજ ગાંધીનગર ખાતે એક થયો છે. ગુજરાતના આદિવાસી સમાજના આગેવાનોએ તમામ રાજકીય પક્ષને લડતમાં જોડાવા આમંત્રણ આપ્યું. પરંતુ માત્ર ને માત્ર કોંગ્રસ પક્ષ આજે આદિવાસીઓનો અવાજ બનીને આગળ આવ્યું છે. વાત આજે કેવડીયા કોરીડોર વિશેની છે. વાત આજે રીંછ અભ્યારણ ના મુદ્દાની છે વાત આજે પાર તાપી-નર્મદા નદીઓના લીંક બાબતની છે. આજે આ લડાઈ ડેમ બચાવવા માટેની છે નહિ કે હટાવવા માટેની. આજની લડાઈ આદિવાસીઓને બચાવવા માટે છે. આજે આપણે સૌ આદિવાસીઓ ડેમ હટાવવાનો શ્વેતપત્ર લઈને જ ગાંધીનગર થી જઈશું. આદિવાસીઓનું અસ્તિત્વ ટકાવવા માટે કોંગ્રેસ પક્ષ અને અમે સૌ આગેવાન તમારી સાથે છીએ.

આજના "આદિવાસી સત્યાગ્રહ" સંમેલનમાં ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રમુખશ્રીઓ શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ, શ્રી અમિતભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી હાર્દિક પટેલ, પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી તુષારભાઈ ચૌધરી, ગુજરાત વિધાન સભાના વિરોધ પક્ષના પૂર્વ નેતા શ્રી પરેશભાઈ ધાનાણી અને કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓ, કોંગ્રેસ પક્ષના આગેવાનો, પદાધિકારીઓ મોટી સંખ્યામાં "આદિવાસી સત્યાગ્રહ" માં જોડાયા હતા અને ભાજપા સરકારની આદિવાસી વિરોધી નીતિ પર આકરા પ્રહાર કર્યા હતા.

"આદિવાસી સત્યાગ્રહ" મા હજારોની સંખ્યામાં આદિવાસી ભાઈ-બહેનો આક્રમક લડતના જુસ્સા સાથે સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. પોલીસ સાથે સંઘર્ષ થતાં સંગઠન પ્રભારી ડૉ. રઘુ શર્મા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા, શ્રી હાર્દિક પટેલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, પૂર્વ સાંસદ શ્રીમતિ પ્રભાબેન તાવીયાડ, ધારાસભ્યશ્રી ચંદ્રિકાબેન બારીયા, શ્રી પુનાજી ગામીત, શ્રી આનંદ ચૌધરી, શ્રી સુનિલ ગામી, શ્રી જીજ્ઞેશ મેવાણી સહિતના ધારાસભ્યશ્રીઓ, ગુજરાત પ્રદેશ એસ.સી. સેલના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા સહિતના આગેવાનોની પોલીસે અટકાયત કરી હતી.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા